.

ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી હેઠળ (૧) મોડાસા, જિ.અરવલ્લી ખાતેના ૦૨ સમરસ છાત્રાલયો તેમજ (૨) ગાંધીનગર, જિ.ગાંધીનગર ખાતેના ૦૧ સમરસ છાત્રાલય એમ કુલ મળીને ૦૩(ત્રણ) સમરસ છાત્રાલયોના વહીવટ તેમજ સંચાલન માટેના મહેકમ ખર્ચ તથા વિદ્યાર્થીઓ માટેના ભોજન ખર્ચ જેવા અન્ય નિભાવ ખર્ચ મંજુર કરવા અંગેની સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: TDD/CTL/e-file/25/2024/0059/G
સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધા:-</u>**

(૧) કમિશનરશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૧૭/૦૧/૨૦૨૪નો પત્ર નં:-આવિ/શૈ.સં./૨/ફા.નં.૧૫૯૧ /૨૦૨૪-૨૫/૭૨૩

(૨) કમિશનરશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૨૦/૦૧/૨૦૨૪નો પત્ર નં:-આવિ/શૈ.સં./૨/ફા.નં.૨૨૪૭/ ૨૦૨૪-૨૫/૭૨૫

**<u>આમુખ</u>**

ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી હેઠળ (૧) મોડાસા, જિ.અરવલ્લી ખાતેના સમરસ કુમાર છાત્રાલય અને સમરસ કન્યા છાત્રાલય તેમજ (૨) ગાંધીનગર, જિ.ગાંધીનગર ખાતેના સમરસ કુમાર છાત્રાલય એમ કુલ મળીને ૦૩(ત્રણ) સમરસ છાત્રાલયોના વહીવટ તેમજ સંચાલન માટેના મહેકમ ખર્ચ તથા વિદ્યાર્થીઓ માટેના ભોજન ખર્ચ જેવા અન્ય નિભાવ ખર્ચ માટે થનાર કુલ રૂ. ૪.૮૮ કરોડના ખર્ચ પૈકી આ વિભાગ માટે અનુસૂચિત જનજાતિના ફાળા પેટેની ૩૦ ટકા મુજબની રૂ.૧.૪૬ કરોડની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના કમિશનરશ્રી(આ.વિ.)ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ:</u>**

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, ગાંધીનગરની કારોબારી સમિતિની તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ મળેલ બેઠકમાં મોડાસા, જિ.અરવલ્લી ખાતેના સમરસ કુમાર છાત્રાલય અને સમરસ કન્યા છાત્રાલય એમ કુલ ૦૨ સમરસ છાત્રાલયનું સંચાલન કમિશનરશ્રી (આ.વિ), ગાંધીનગરને સોંપવામાં આવેલ છે. જેથી સદરહુ મોડાસા, જિ.અરવલ્લી ખાતેના સમરસ કુમાર છાત્રાલય અને સમરસ કન્યા છાત્રાલય એમ કુલ ૦૨ સમરસ છાત્રાલયો માટે આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ- ૨ની (પગાર ધોરણ- ROP- 2006: રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-રૂ.૪૬૦૦/-, પગાર ધોરણ- ROP- 2016 : રૂ.૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦/-, પે મેટ્રીક્સ લેવલ ૮) ની ૦૨ જગ્યાઓ, મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ-૩ની (પગાર ધોરણ-ROP-2006: રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે રૂ.૪૪૦૦/-, પગાર ધોરણ-ROP-2016-:રૂ.૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦/-, પે મેટ્રીક્સ લેવલ ૭ તથા ના.વિ.ના તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવ મુજબ માસિક ફીક્સ પગાર રૂ.૪૯,૬૦૦/-) ૦૨ જગ્યાઓ તથા જુનિયર ક્લાર્ક, વર્ગ-૩ની (પગાર ધોરણ- ROP-2006:રૂ.૫,૨૦૦-૨૦,૨૦૦, ગ્રેડ પે રૂ.૧,૯૦૦/-, પગાર ધોરણ- ROP- 2016:રૂ.૧૯,૯૦૦-૬૩,૨૦૦/-, પે મેટ્રીક્સ લેવલ ૨ તથા ના.વિ.ના તા.૧૮/૧૦/૨૦૨૩ના ઠરાવ મુજબ માસિક ફીક્સ પગાર રૂ.૨૬,૦૦૦/-) ૦૨ જગ્યાઓ એમ કુલ ૦૬ જગ્યાઓ નિયમિત પગાર ધોરણથી ઉભી કરવાની તથા વોર્ડન રાઉન્ડ ધ ક્લોકની ૦૪ જગ્યા, પટાવાળાની ૦૨ જગ્યા, ચોકીદારની ૦૬ જગ્યા એમ કુલ ૧૨ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા ઉભી કરવાની તેમજ (૧) મોડાસા, જિ.અરવલ્લી ખાતેના સમરસ કુમાર છાત્રાલય અને સમરસ કન્યા છાત્રાલય તેમજ (૨) ગાંધીનગર, જિ.ગાંધીનગર ખાતેના સમરસ કુમાર છાત્રાલય એમ કુલ મળીને ૦૩(ત્રણ) સમરસ છાત્રાલયોના વહીવટ તેમજ સંચાલન માટેના મહેકમ ખર્ચ તથા વિદ્યાર્થીઓ માટેના ભોજન ખર્ચ જેવા અન્ય નિભાવ ખર્ચ માટે રૂ.૪.૮૮ કરોડની જોગવાઇ સામે આ વિભાગ માટે અનુસુચિત જનજાતિની ૩૦ % લેખે રૂ.૧.૪૬ કરોડની સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

૧ આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ ના વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. ઉકત નવી બાબત અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ થી કરવાનો રહેશે.

૩. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૪. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

૫. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કમિશનરશ્રી (આ.વિ)એ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૬. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

૭. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૮. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

૯. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી કમિશનરશ્રી(આ.વિ)ની રહેશે.

૧૦. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૧૧. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

૧૨. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો કમિશનરશ્રી (આ.વિ)એ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૩. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ (કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે

૧૪. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z.1 Dt.26-06-2023ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૫. નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2022/2282/Z.1 Dt.26-06-2023 ની જોગવાઇ મુજબ કમિશનરશ્રી (આ.વિ)એ જગ્યાને કાયમી કરવાની પ્રક્રીયા હાથ ધરવાની રહેશે

૧૬. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૭. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે

૧૮. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૯. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

૨૦. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૧. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૨૨. લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે

૨૩. આઉટ સોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

૨૪. આઉટ સોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે

૨૫. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૨૬. કમિશનરશ્રી (આ.વિ)એ ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે

૨૭. કમિશનરશ્રી (આ.વિ)એ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી કમિશનરશ્રી (આ.વિ.)ની રહેશે.

૨૮. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે કમિશનરશ્રી (આ.વિ)એ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી કમિશનરશ્રી (આ.વિ)એની રહેશે

૨૯. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

૩૦. સદરહુ સમરસ છાત્રાલયો ખાતેની જગ્યાઓ બેવડાય નહી તેની તકેદારી કમિશનરશ્રી (આ.વિ)એ રાખવાની રહેશે.

૩૧. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૩, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટા સદર: ૨૭-વીકેવાય-૧૭૨: સમરસ છાત્રાલય સ્થાપના અને વિકાસ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૪/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ડી.ડામોર)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (કમિશનરશ્રી (આ.વિ)મારફત)

- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી  બાબતે  આ ઠરાવમાં સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૨૪

Signature Not Verified
Signed by:J D Damor
Section Officer
Date: 2024.03.15
17:13:56 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign